જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૪/૦૯/૨૦૨૧ મંગળવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૬૭૫/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૩/૦૯/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૬૬૭	૧	૧૧૬૬૮	૧૭૭૭૮	૧	૧૭૭૭૯
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૩	૦	૪૭૩૩	૬૨૮૨	૦	૬૨૮૨
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૦૮	૦	૧૦૮	૩૭૪	૦	૩૭૪
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૭૦૬૯૪	૧૩૮	૭૦૮૩૨	૭૧૬૭૯	૧૩૮	૭૧૮૧૭
કુલ		૮૭૨૦૨	૧૩૯	૮૭૩૪૧	૯૬૧૧૩	૧૩૯	૯૬૨૫૨

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૯૬	૩,૩૦,૩૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૧૩૬	૧૧,૩૬,૦૦૦/-

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૬૭૬/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૧ કેસ કરી, ૪૦ વ્યક્તિઓને ઝડપી, ૧૦૭ લીટર દેશી દારૂ, ૪૬ બોટલ ઇંગ્લીશ દારૂ, ૭૧ ક્વોટર ઇંગ્લીશ દારૂ, ૧૧૨ બિયર ટીન, ૨ સ્કુટર, ૨ મોટર સાયકલ અને ૧ રીક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૧ કેસ કરી ૦૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૫,૧૩૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૬૭૭/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૯૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડી :- **સમાચાર યાદી નં.૧૬૭૮/૨૦૨૧**

નારણપુરાઃ વિનસ સ/ઓ જહોન ડિસોઝા (ઉ.વ.૧૯) (રહે. ભદ્રેશ્વર ફ્લેટ અંકુર ચાર રસ્તા પાસે નારણપુરા) એ તા.૧૩/૦૯/૨૦૨૧ ના રોજ નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે વિનસ ડિસોઝાએ તા.૦૭/૦૯/૨૦૨૧ ના રોજ ગુગલમાં એફિલીએટ માર્કેટ જેમાં મિડલમેન તરીકે કામ કરવાથી કમિશન મળે તેવુ સર્ચ કરતા મોબાઈલ નંબર ૯૮૦૦૩૯૫૩૬૨ ના ધારકે વોટ્સએપ પર વાત કરી અમીરાહ નામ જણાવી મિડલમેન તરીકે કામ કરવાથી કમિશન મળશે તેમ કહેતા વિનસ ડિસોઝાએ મિડલમેન તરીકે કામ કરવાનુ જણાવતા તેઓએ ebay૧૪૪.com નામની વેબસાઇટમાં આપેલ પ્રોડક્ટ વેચવાનુ જણાવતા વિનસ ડિસોઝાએ પ્રોડક્ટ વેચાણ કરતા વેચાણ પેટે મળતુ કમિશન વિનસ ડિસોઝાના ખાતામાં ટ્રાન્સફર થયુ હતુ. તા.૦૯/૦૯/૨૦૨૧ ના રોજ બેન્ક ખાતામાં બેલેન્સ ચેક કરતા તા.૦૭/૦૯/૨૦૨૧ થી તા.૦૯/૦૯/૨૦૨૧ સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ખાતામાંથી કુલ રૂપિયા ૧,૯૮,૮૯૬/- અન્ય વ્યક્તિના ખાતામાં ટ્રાન્સફર કરી વિશ્વાસઘાત છેતરપિંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.જી.જાદવ ચલાવે છે.

ઘરફોડઃ- **સમાચાર યાદી નં.૧૬૭૯/૨૦૨૧**

વેજલપુરઃ સાહીના મોહંમદઅસલમ વોરા (રહે. સી/૩ બાગબા ફલેટ રજાક મસ્જીદ પાસે મોમીન પાર્લર પાસે, ફતેવાડી) એ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૩/૦૯/૨૦૨૧ બપોરના ૨/૦૦ થી સાંજના ૫/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનું તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૫૬,૫૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.ડી.રોહીત ચલાવે છે.

ચોરીઃ- **સમાચાર યાદી નં.૧૬૮૦/૨૦૨૧**

વાડજઃ શૈલેન્દ્રસિંહ બચુભા જાડેજા (ઉ.વ.૪૯) (રહે. આર્યવિલા ફ્લેટ આનંદ પાર્ટી પ્લોટ રોડ ન્યુ રાણીપ) એ તા.૧૩/૦૯/૨૦૨૧ ના રોજ વાડજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૧/૦૮/૨૦૨૧ સવારના ૧૦/૩૦ થી ૧૧/૩૦ વાગ્યા દરમ્યાન જુના વાડજ સ્મશાન ગૃહ ખાતે અગ્નિદાહ આપવાની જગ્યાની બાજુમાંથી અજાણી વ્યક્તિ પર્સ ચોરી કરી લઇ ગઈ હતી. જે પર્સમાં સોનાના દાગીના કિમત રૂપિયા ૬૭,૫૦૦/- મતા હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.એસ.ચૌધરી ચલાવે છે.

ટ્રેઈનની અડફેટે મૃત્યુઃ- **સમાચાર યાદી નં.૧૬૮૧/૨૦૨૧**

વટવા જીઆઈડીસીઃ સોમાભાઇ નરોતમભાઇ સોલંકી (ઉ.વ.૭૦) (રહે. ઇ-૧૦૩ શૈલ્ય-૨ પુનીતનગર ફાટક પાસે શીતલ આરંભ હિન્દી વિદ્યાલય પાસે વટવા) તા.૧૩/૦૯/૨૦૨૧ કલાક ૭/૩૦ વાગ્યા પહેલા પુનીતનગર ફાટક થાંભલા નં૪૮૯/૭ નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે ટ્રેઈનની અડફેટે આવી જતા ગંભીર ઈજાઓ થતા તેમનુ મૃત્યુ નિપજયું હતુ. આ અંગે વટવા જીઆઈડીસી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રમેશભાઇ ગોરાભાઇ ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૧૬૮૨/૨૦૨૧**

ઘાટલોડીયાઃ નિલેષકુમાર પ્રમુખચંદ શાહ (ઉ.વ.૫૩) (રહે. કર્મચારીનગર વિભાગ-૧ રન્નાપાર્ક ઘાટલોડીયા) એ અગમ્ય કારણસર તા.૧૩/૦૯/૨૦૨૧ બપોરના ૪/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે છતના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે **ઘાટલોડીયા** પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી લક્ષ્મણભાઇ કાનાભાઇ ચલાવે છે.

એલીસબ્રીજઃ રવિભાઇ મોતીભાઇ ચાવડા (ઉ.વ.૨૭) (રહે. મહેનતપુરા આંબાવાડી) એ અગમ્ય કારણસર તા.૧૨/૦૯/૨૦૨૧ રાતના ૮/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે એલીસબ્રીજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી દલસુખભાઇ ઓઘડભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી